## જૈન સાહિત્યના અભ્યાસનો અમુલખ અવસર આવીને આંગણે ઉભો છે.

## જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ સહર્ષ રજૂ કરે છે :
## જૈન સાહિત્યનો એકવર્ષીય સર્ટિફિકેટ કોર્સ

SATURDAY
28th
NOV. 2020
રાત્રે ૮

જૈન સાહિત્ય શું છે – જૈન ધર્મના મૂલ્યને અને તત્વને માનવીય ભૂમિકાએ ઉજાગર કરે છે.
આગમથી લઇને આજ સુધી લખાયેલા ગ્રંથોના પરિચય આજે વિસરાઇ રહ્યા છે,
ત્યારે અભ્યાસક્રમની આવશ્યકતા છે.
જૈન સાહિત્ય આજનાં વિશ્વની અનેક સમસ્યાનું અનુપમ ઔષધ છે, આ સાહિત્ય સર્વ
સમાજને સમાવિષ્ટ કરતું અહિંસા અને પરસ્પર 'જીવો અને જીવવા દો'નો માંગલ્યમય સંદેશ આપે છે.
સાવ અપરિચિત રહેલાં આપણા જ જૈન ધર્મ પ્રેરિત વિશ્વમાં ચાલો સાથે વિહરીએ....

## ૨૮ નવેમ્બર ૨૦૨૦, શનિવાર – સમય રાત્રે ૮ થી ૯

## વ્યાખ્યાતા : પ્રો. ડૉ. ધરમચંદ જૈન – ઉત્તરાધ્યયન સૂત્ર

### સત્ર સંચાલક : ડૉ. સેજલ શાહ



વક્તા પરિચય : જૈન ધર્મ-દર્શનના તલસ્પર્શી વિદ્વાન પ્રો. ડૉ. ધરમચંદ જૈન સંસ્કૃત, પ્રાકૃત ભાષા અને સાહિત્યની સાથે ભારતીય દર્શનના મર્મજ્ઞ અધ્યેતા છે. જયનારાયણ વ્યાસ વિશ્વવિદ્યાલય જોધપુરના સંસ્કૃત વિભાગમાં અધ્યક્ષ અને બૌદ્ધ અધ્યયન કેન્દ્રના નિર્દેશક હોવા ઉપરાંત કલા, શિક્ષા અને સમાજ-વિજ્ઞાન વિદ્યાશાખાના અધિષ્ઠાતા પણ રહયા છે. ૩૭ વર્ષોના અધ્યાપન પછી નિવૃત્તિ મેળવનાર પ્રો. જૈન હજુ પણ એટલા જ પ્રવૃત્તિમય છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક પરિસંવાદોમાં શોધપત્ર રજૂ કરવા ઉપરાંત તેઓ અધ્યક્ષતા પણ કરે છે. વિદેશમાં અનેક એકેડેમિક યાત્રાઓ કરી વિવિધ પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. જૈન ધર્મ-દર્શન, બૌદ્ધધર્મ-દર્શન અને ભારતીય વિદ્યા પર ૯ મૌલિક અને ૩૨ સંપાદિત પુસ્તકો પ્રકાશિત થયા છે. સતત ૨૪ વર્ષથી જૈન માસિક પત્રિકા 'જિનવાણી'ના મુખ્ય સંપાદક એવા પ્રો. જૈનને સાંભળવાની આતુરતાનો અંત નજીક છે.

વ્યાખ્યાન સંક્ષેપ : ભગવાન મહાવીરની અંતિમ વાણી રૂપે પ્રસિદ્ધ 'ઉત્તરાધ્યયન સૂત્ર' આધ્યાત્મિક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ આગમ છે. તેની ગણના મૂળ સૂત્રોમાં છે. ૩૬ અધ્યયનમાં વિભક્ત આ આગમ ધર્મકથાનુંયોગ, દ્રવ્યાનુંયોગ, ચરણાનુંયોગ અને ગણિતાનુંયોગ વગેરેથી સમૃદ્ધ છે. જીવન માટે એક માર્ગદર્શક આ આગમમાં દાર્શનિક સિદ્ધાંત, સાધનાના સૂત્રો, વૈરાગ્યની પ્રેરણા, મનોવૃત્તિઓનું વિશ્લેષણ, સાધ્વાચાર વિજય, સમિતિ-ગુપ્તીનું પ્રતિપાદન, જાતિભેદનું નિરાકરણ. તપના મહિમા સબંધિત સામગ્રી પ્રાપ્ત થાય છે. આનો પ્રારંભ વિનયના મહિમાથી થયો છે, તથા ચાર અંગોને દુર્લભ બતાવ્યા છે. જેમાં સંયમ અને પરાક્રમ ખૂબ જ દુર્લભ છે. પ્રમાદનો પરિવર્જન, લોભનો પરિહાર, પાપનો પરિત્યાગ, બોધની અનર્થકતા, બ્રહ્મચર્યથી સમાધિ, સંસારમાં અનાથતા વગેરેનું આમાં સુંદર પ્રતિપાદન થયું છે. તીર્થંકર પાર્શ્વનાથની પરંપરાનો સંત કેશિશ્રમણ સાથે ગૌતમ ગણધરના સંવાદ, ઇન્દ્રના નમિરાજા સાથેના સંવાદ વગેરે પણ આકર્ષક છે. આમાં કર્મસિદ્ધાંત, દુઃખ મુક્તિના ઉપાયો, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દ્રવ્યો, બ્રાહ્મણના સાચા સ્વરૂપનું પણ પ્રતિપાદન થયું છે. ૨૯માં અધ્યયનમાં સાધના સંબંધી અનેક પ્રશ્નોના જવાબ પણ આપવામાં આવ્યા છે. આ દ્રષ્ટિએ આ આગમ જૈન દર્શનનો સમ્યક બોધ કરવા માટે અત્યંત ઉપયોગી છે. સાહિત્ય અલંકાર અને ભાષાની સરળતા મનને મોહી લે તેવી છે.

આજ સુધી થયેલા પ્રાથમિક કોર્સના ૧૨ વ્યાખ્યાનોની
લિંક : https://youtu.be/mbV7jjEuIMY

**ઝૂમ લીંક**
- https://bit.ly/2SuDOzE
- Meeting ID : 890 0779 0733
- Passcode : 232678

મહત્વપૂર્ણ સૂચનો : ઓનલાઇનના આ કોર્સમાં દરેક કલાસ વખતે બરાબર સમય ઉપર જ જોડાવા વિનંતી.
- આપના પ્રશ્નો કોમેન્ટ સેક્શનમાં પૂછવા. બાકી મ્યુટ ઉપર જ આપ રહેશો.
- હેડફોનનો ઉપયોગ હિતાવહ છે.
- ટેકિનકલ પ્રશ્નો આવ્યો હોય તો સંપક કરો : 97696 55345

- આમંત્રક : જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ
- પ્રેરક : સી. કે. મહેતા

ટ્રસ્ટીગણ : દીપક મહેતા • ઇલા મહેતા • ભારતી મહેતા • સેજલ શાહ
યોગીની શેઠ • દિલીપ શાહ • બકુલ ગાંધી • બિપીન દોશી